# વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ

## તા. ૨૦/૧૨/૨૫, શનિવારે પૂર્વ-પ્રાથમિક થી ધો. ૧ થી ૫ ગુજરાતી માધ્યમના ૫૨૭ વિદ્યાર્થીઓનો શ્રી કૃષ્ણ જીવનદર્શન ભાગ-૧ વિષય પર ભવ્ય વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો.

આધુનિક સમયમાં વિદ્યાર્થીઓને આધ્યાત્મિક દિશા આપવા, સત્ય અને ન્યાયની સાથે પ્રેમ, કરૂણા અને સફળતાનો માર્ગ ચીંધવા ગુજરાતી માધ્યમના પૂ.પ્રા.થી ધો. ૧ થી ૫ કુલ ૫૨૭ વિદ્યાર્થીઓનો **"શ્રી કૃષ્ણ જીવનદર્શન ભાગ-૧"** વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. જેમાં કૃષ્ણ જન્મ, પૂતના વધ, ડાકુ ગોવર્ધન હૃદય પરિવર્તન, ઓખલી બંધન, માખણચોર, ગોવર્ધન લીલા, અશ્વત્થામા, કાલિયવન વધ અને કાલિયા નાગદમન, કૃષ્ણ–સુદામા મિલન, કર્ણ જીવન દર્શન જેવી વિવિધ અદ્દ્ભૂત કૃતિઓ વિદ્યાર્થીઓએ રજૂ કરી. જેના દ્વારા વિદ્યાર્થીઓમાં પરંપરાનું જ્ઞાન, બુધ્ધિ પૂર્વક મુશ્કેલ પરિસ્થિતિનોં સામનો કરવો, અન્યાય અને અહંકાર સામે ઊભા રહેવું, ચતુરાઇ અને પ્રેમ ભર્યા વ્યવહાર અંગેની સમજ પ્રગટે છે.

**આ કાર્યક્રમમાં મહેમાન તરીકે મા.શ્રી મીતાબેન આર. ગવલી (જિલ્લા યુવા વિકાસ અધિકારી, ભરૂચ), મા.શ્રી ઈલાબેન વૈદ્ય (માર્કેટીંગ એકઝીકયુટીવ અને પ્રોગ્રામ ડાયરેકટર, ચેનલ ઇન, ભરૂચ), મા.શ્રી યોગેશભાઇ વસાવા (માહિતી અધિકારી, ભરૂચ), મા.શ્રી કેતનભાઇ ગાંધી (આચાર્ય, ઇકરા સાયન્સ કોલેજ) શાળાના ચેરમેન મા. શ્રી હેમંતભાઇ પ્રજાપતિ સાહેબ ઉપસ્થિત રહ્યા.**

મહેમાનશ્રીઓએ પ્રાસંગિક ઉદ્દ્બોધનમાં જણાવ્યું કે આવા કાર્યક્રમ દ્વારા બાળકોમાં રહેલી વિવિધ શકિતઓનો વિકાસ થાય છે. વિદ્યાર્થીઓ પોતાની ઉજજવળ તથા સફળ કારકિર્દી બનાવી શકે એવું માર્ગદર્શન આ શાળાનાં વિદ્યાર્થીઓને મળી રહયું છે. આજના સોશ્યલ મિડીયા ના સમયમાં ગેમ્સના રવાડે ચડેલા બાળકોને વેદો અને ગીતાનું જ્ઞાન આવા કાર્યક્રમોને કારણે મળી રહ્યું છે. જેનાથી આ શાળાના વિદ્યાર્થીઓનું અલગ વ્યકિતત્વ નિખરે છે. વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા વાલીશ્રીઓ આ કાર્યક્રમને નિહાળવા ઉપસ્થિત રહ્યા. દરેક કૃતિના અંતે કૃષ્ણ જીવન આધારિત કૃતિને અનુરૂપ ઓડિયન્સમાં કવીઝ રાખવામાં આવી હતી અને આ ક્વીઝનું સંચાલન શ્રીમતી ચારૂલબેન જોષીએ કર્યુ હતું. વિજેતાને ઇનામ આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ શાળાના ડાયરેકટરશ્રી ડૉ. ભગુભાઇ પ્રજાપતિ, શ્રી જિજ્ઞેશભાઇ જોષી (આચાર્ય નોન ગ્રાન્ટેડ વિભાગ ગુ.મા.) ના માર્ગદર્શન હેઠળ યોજાયો. શાળાના સર્વે શિક્ષકોએ ખૂબ ઉત્સાહથી વિદ્યાર્થીઓને કાર્યક્રમની શ્રેષ્ઠ તૈયારી કરાવી તથા શ્રી અરવિંદભાઇ પરમારે વિદ્યાર્થીઓને પાત્ર અનુરૂપ મેકઅપ કર્યો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષકો શ્રીમતી નયનાબેન પટેલ અને શ્રીમતી કંચનબેન પરમાર દ્વારા કરવામાં આવ્યું.

---

## તા. ૨૬/૧૨/૨૫, શુક્રવાર : ધો. ૬ થી ૧૧ સાયન્સ - કોમર્સ ગુજરાતી માધ્યમના ૫૪૬ વિદ્યાર્થીઓનો "શ્રી કૃષ્ણ જીવન દર્શન ભાગ-૨" વિષય પર ભવ્ય વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો.

વિસરાતી જતી આપણી ભારતની ધરોહરના સંરક્ષણ, સંવર્ધન અને સંક્રમણ માટે ગુજરાતી માધ્યમના **ધો. ૬ થી ૯ અને ૧૧ વિ.પ્ર. અને સા.પ્ર.** ના કુલ **૫૪૬** વિદ્યાર્થીઓંનો **"શ્રી કૃષ્ણ જીવન દર્શન ભાગ-૨"** વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરી રહેલ યુવાવર્ગ ભારતની સંસ્કૃતિની સમૃધ્ધિ અને વિશેષતાઓ અપનાવે અને જીવનમાં ઉતારે તેમજ મુશ્કેલીના સમયે ટૂંકા રસ્તાઓ પંસદ ન કરતા મજબૂત માનસિક સ્થિતિ કેળવે તેવા હેતુસર આ કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ તેમની બાળલીલા, બકાસુર વધ, કંસ વધ, જરાસંધ વધ, શિશુપાલ વધ, દ્રૌપદી ચીર હરણ, શ્રી ખાટુશ્યામ, શ્રીકૃષ્ણનું વિરાટ સ્વરૂપ તેમજ શ્રી કૃષ્ણનું નિર્વાણ અને કૃષ્ણભકિત જેવા વિષયો પર વિદ્યાર્થીઓએ અદ્દ્ભૂત કૃતિઓ રજૂ કરી.

**આ કાર્યક્રમમાં મહેમાન તરીકે મા.શ્રી પ્રકાશભાઇ મોદી (જિલ્લા ભાજપા પ્રમુખ,ભરૂચ), મા.શ્રી જીગરભાઇ દવે (બ્યુરો ચીફ, ચેનલ નર્મદા,ભરૂચ) અને મા.શ્રી મફતલાલ ચૌહાણ (નિવૃત LIC ઓફિસર) મા. શ્રી નિતિનભાઇ ટેલર (સર્વ હેપ્પીનેસ ફાઉન્ડેશન NGO) તથા શાળાના ચેરમેન મા.શ્રી હેમંતભાઇ પ્રજાપતિ સાહેબ, શ્રીમતી બેલાબેન પ્રજાપતિ, કલ્પનાબેન ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.**

